pUna International School

Shree Swaminarayan Gurukul, Zundal

| ANNUAL EXAMINATION 2020-21 | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name | | | | | |
| Date | | Grade | VIII | Roll No. | |
| Subject | Gujarati | Marks | 80 | Teacher's Sign | |

## SECTION – A

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો **[ 10 MARKS ]**

1) સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો
1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?
2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?
3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?
4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં. મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કંઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે
ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો :
1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?
2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?
3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?

4) ઘરમાં કોણ નથી ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## [WRITING SECTION ]

પ્રશ્ન 2 ( અ ) નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ] [ 10 MARKS ]

1) અમારો પ્રવાસ 2) મારો શોખ

પ્રશ્ન 2 ( બ ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. [ 10 MARKS ]

એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

એકતામાં જ સાચી તાકાત છે

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઇ બાબતે તેમની વચ્ચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઇ ગઇ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

## [GRAMMAR SECTION]

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) વાંસળી 2) લાડકો 3) મેહ

4) તત્કાળ 5) લોચન

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) સ્મિત 2) વિવેક 3) વ્યવસ્થા

4) શરૂઆત 5) માન

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો. [ 4 MARKS ]

1) મથાળે છાપેલાં નામ સરનામાંવાળો કાગળ

2) સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે તે માળા

3) ઈન્દ્રને જીતનાર

4) બોલપેનમાં મૂકવાની શાહીવાળી પાતળી નળી

પ્રશ્ન 3 ( ડ ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. [ 6 MARKS ]

1) મોતિયા મરી જવા

2) શ્વાસ ચઢવો

3) બાથ ભરવી

## [LITERATURE SECTION ]

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **[ 8 MARKS ]**

**1)** વાંસળીએ શું લટકે છે ?

2) મેહ કઇ દિશાએથી આવે છે ?

**3)** નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ ક્યારે નક્કી કર્યુ ?

**4)** ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?

**5)** સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો?

**6)** ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે?

7) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું શું દેખાયું?

8) સંત પુરુષોનું જીવન કેવું હોય છે ?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. **[ 12 MARKS ]**

**1)** ગીતના આધારે વાંસળીનું વર્ણન કરો ?

**2)** પત્ર જાદુઇ કેમ લાગ્યો?

**3)** લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક શું કહે છે ?

4) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઇ?

5) ઉં.....ઉં..... અવાજ કોણ કરતું હતું? શા માટે?

6) માતાને ક્યું દ્રશ્ય જોઇને ધરતી ગોળ ગોળ ફરતી લાગી?